SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 2, Issue-3, July to September: 2024
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# દરિયાપારના અમેરિકન- ઈન્ડિયન યુગલોની પ્રણયકથા : 'આમંત્રિત'

*ડો. બિપિન ચૌધરી*

***Abstract:***

***વિદેશમાં રહીને ગુજરાતી ભાષામાં મહત્ત્વનું યોગદાન આપનાર પ્રીતિ સેનગુપ્તા ગુજરાતી પ્રવાસસાહિત્ય ક્ષેત્રે જાણીતાં છે. સાથે સાથે ગુજરાતી કથાસાહિત્યમાં અમેરિકન- ઈન્ડિયનલોકોનું વિષયવસ્તુ, પાત્રલેખન – ભાષાશૈલી વગેરે લઈને નવલકથા ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાર્પણ કર્યું છે. વિશ્વ પ્રવાસિની પ્રીતિ સેનગુપ્તાએ ગુજરાતી પ્રવાસસાહિત્ય, લલિત નિબંધ, કાવ્ય અને અનુવાદની સાથે સાથે ગુજરાતી કથા સાહિત્યમાં પણ ઠીક ઠીક પ્રદાન કર્યું છે. 'એક સ્વપ્નનો રંગ' અને 'રંગ રંગનો સ્નેહ' તેમની ટૂંકી વાર્તાના સંગ્રહો છે. 'બે કાંઠાની અધવચ' (2017) તેમની પ્રથમ નવલકથા છે, 'આમંત્રિત' (2021) તેમની બીજી નવલકથા છે. આ નવલકથા નંદશંકર ચંદ્રકથી સન્માનવામાં આવી છે.***

***Keywords:* *પ્રીતિ સેનગુપ્તા, 'આમંત્રિત' નવલકથા, અમેરિકન- ઈન્ડિયન યુગલો, ન્યૂયોર્ક શહેર અને હડસન નદી,***

પ્રીતિ સેનગુપ્તાની પ્રથમ નવલકથા 'બે કાંઠાની અધવચ'માં ભારત છોડીને અમેરિકામાં ઠરીઠામ થવા મથતાં પરિવારોની કથા છે. ભારતીય પરિવારો દ્વારા બે સભ્યતા વચ્ચે મેળ પાડવાની મથામણ અને તેમાંથી નીપજતો સંઘર્ષ આ નવલકથાનો મુખ્ય વિષય છે. નવલકથાનું શીર્ષક ઘણી રીતે સૂચક છે. વીનેશ અંતાણી કહે છે : "ઘર કહેવાય એવું રહ્યું છે જ ક્યાં'- કેતકીના મનમાં સાપ જેમ ગૂંચળું વાળીને બેઠેલો આ પ્રશ્ન 'બે કાંઠાની અધવચ' નવલકથાનું વિષયવસ્તુ છે". (બે કાંઠાની અધવચ' પૃષ્ઠ: 10) અમેરિકાના ઘરમાં એકલી રહેતી કેતકી, કેતકીનો પતિ સુજીત, એમનાં અલગ રહેતાં પુખ્ત ઉંમરના સંતાનો સચિન અને અંજલિ આ નવલકથાના મુખ્ય પાત્રો છે. આ ઉપરાંત વામા, રોબોર્ટ વગેરે ગૌણ પાત્રો છે. આ નવલકથા લેખિકાના મતે "ખરેખરી વ્યક્તિઓ અને એમના જીવન પર આધારિત છે." જ્યારે આ જ કથાતંતુ અને પાત્રોને લઈ તેમની બીજી નવલકથા " આમંત્રિત" આગળ ચાલે છે. અલબત્ત, તેમાં જેકી જેવું નવું પાત્ર ઉમેરાય છે. આ ઉપરાંત દીવાન, શર્માજી, લિરોય અને ક્લિફર્ડ જેકીના માતા-પિતા વગેરે નવાં પાત્રો ઉમેરાય છે. અગાઉની નવલકથા કરતાં આ નવલકથા વધુ કાલ્પનિક છે. આ નવલકથાનું કથાવસ્તુ પિતા સુજીત અને તેમના સંતાનો સચિન અને અંજલિ વચ્ચેના સંબંધોના તાણવાણાને ગૂંથે છે. આગાઉની નવલકથામાં કોઈને કોઈ કારણસર વિખૂટાં પડેલાં પાત્રો આ નવલકથામાં જુદા જુદા સમયે- સ્થળે આકસ્મિક રીતે ભેગાં થાય છે. બીજી બાજુ ન્યૂયોર્ક શેહેરમાં વસતાં જેકી – સચિન, ખલીલ – રેહાના અને અંજલિ – માર્શલ જેવાં ત્રણ યુગલોના પ્રેમની કથા અહીં આલેખાઇ છે. આ પાત્રોના પ્રણય નિરૂપણનું ઝીણું ઝીણું આલેખન થયું છે. તેમની પ્રણય મૂંઝવણ, પ્રણયગોષ્ઠીઓ, મિલન-મુલાકાત, પ્રેમપ્રસ્તાવ- લગ્ન પ્રસ્તાવ- લગ્નની પાર્ટી વગેરે ઉપરાંત પ્રણય-મનોભાવોનું નિરૂપણ આહ્લાદક છે. લેખિકા આ નવલકથાને 'સહજ-પ્રસન્ન પ્રેમની કથા' તરીકે ઓળખાવે છે. આ નવલકથાના 37 પ્રકારણોમાંથી સરેરાશ દરેક પ્રકરણમાં ન્યૂયોર્ક શહેર અને શહેરના મુખ્ય ભાગ ગણાતા મેનહેટન ટાપુની એક તરફ વહેતી અને એટલાન્ટીક

 *ડો. બિપિન ચૌધરી, આસી. પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સરકારી વિનયન કોલેજ, બેચરાજી*
*મો.નંબર: 9998058797, bipinchaudhary617@gmail.com*

મહાસાગરમાં ભળી જતી મહા નદી હડસનની ઉપસ્થિતિ જોવા મળે. આ શહેર અને નદી આ નવલકથામાં જીવંત પાત્ર સ્વરૂપે આવે છે.

લેખિકા પોતાના કથાવસ્તુને અનુકૂળ અને પોતે યોજેલી વસ્તુસંકલનાને અનુરૂપ પાત્ર- નિરૂપણ કરે છે. ક્યાંક ફક્ત બે- ચાર પીંછીના આછા લસરકા દ્વારા પાત્રને ચાક્ષુષ કરી આપે છે. જેકીનું આ રૂપ નિરૂપણ જુઓ: " ઋતુ પ્રમાણે રંગ પહેરવા એને ગમતા, ભપકો જરા પણ નહીં. સાદું જ પહેરે, પણ સ્ટાઇલ એવી કળાત્મક કે એ શોભી જ ઊઠે... એના વાળ સઘન અને લાંબા હતા, તેય અસાધારણ રંગના હતા. ઘેરા બ્રાઉન. તાકીને તો ના જોવાય, પણ સચિનને ખ્યાલ તો આવેલો જ કે જેકીની આંખોનો રંગ પણ વાળની જેમ ઘેરો બ્રાઉન હતો. અંગ્રેજીમાં જે 'બ્રુનેટ' કહેવાય તેવી આ બ્યુટી હતી."('આમંત્રિત' પૃ. 32-33) આ રીતે પાત્રના રંગ, રૂપ, વાળ, આંખો, વગરેના બાહ્ય દેખાવને પ્રત્યક્ષ કરે તેમ ક્યાંક એક પાત્રના મુખે અન્ય પાત્રનું વર્ણન કરે છે. તો ક્યાંક પાત્રના વર્તન વ્યવહાર દ્દ્વારા તેનાં આંતર બાહ્ય પ્રગટાવે છે. તો ક્યારેક બે પાત્રોની તુલનાથી તેમનાં ગુણ લક્ષણો પ્રગટાવે છે.

આ નવલકથામાં પાત્રવૈવિધ્ય ખાસ્સું છે. ઇન્ડિયન પાત્રો, અમેરિકમાં જન્મેલાં ઇન્ડિયન- અમેરિકન પાત્રો, પૂર્ણ પણે અમેરિકન પાત્રો જેમ કે, વામા આન્ટી અને રોબર્ટ અંકલ, તો જેકી, રોલ્ફ, કેમિલ અને કઝીન પોલ ફ્રેન્ચ છે. દરેક પાત્ર પોતાનું આગવું વ્યક્તિત્વ લઈ પ્રગટ થયું છે. આ નવલકથામાં મોટા ભાગના વડીલ પાત્રો એકાકી- એકલવાયાં લાગે છે. ચાહે તે સુજીત હોય કે કેતકી, શર્માજી હોય કે દીવાન અંકલ, લિરોય જહોન્સન વગેરે. કેટલાક પાત્રો સમય સંજોગો અનુસાર વિખૂટાં પડેલાં છે. તેઓનો પરસ્પર કોઇને કોઈક સ્વરૂપે આકસ્મિક રીતે ભેટો થાય છે. જેમ કે, ખલીલને ડ્રાઈવર સ્વરૂપે મળતા સચિનના પિતા સુજીત, 'ક્યુબન કાફે'માં જમવા ગયેલા ખલીલ અને સચિનને વર્ષો પહેલાં વિખૂટી પડેલી અંજલિ વેઈટ્રેસ તરીકે ઓડર લેવા આવતાં મળી જાય છે, વર્ષો પછી અંજલિ અને સચિનને પોતાના 'મોમ' કેતકીની ભાળ મળે છે, સારી કેરિયર ધરાવતા આર્મીમેન લિરોય જહોન્સનને દારૂ અને ડ્રગ્સની લતને કારણે ઘર છોડી દીકરાને લઇને જતી રહેતી તેની પત્ની, નવલકથામાં સચિન આગળ જતાં લિરોય જહોન્સન અને તેના પ્રોફેસર થયેલાનું દીકરા કિલફ રોકારનું મિલન કરાવવે છે, અંજલિ અને તેના જૂના બોયફ્રેન્ડ માર્શલનું મિલન વગેરે

યુવાન ઇન્ડિયન- અમેરિકન પાત્રોનો પશ્ચિમી અભિગમ હોવા છતાં તેમની વચ્ચે અનોખા સંબંધો છે. યુવક-યુવતીઓ સુશિક્ષિત, સહૃદયી અને મોર્ડન છે. સાથે જ મૂલ્યોથી પણ સભાન છે. મોટાભાગનાં યુવાપાત્રો સમજું, ડાહ્યાં અને સંસ્કારી લાગે છે. આ યુવાનો પ્રકૃતિપ્રેમી, ફૂલો અને મ્યુઝિકના શોખીન, અવારનવાર ભોજન અને વાઈન પસંદ કરનારાં જણાય છે. સુજીત, કેતકી અને અંજલિનાં પાત્રો જીવંત અને ગતિશીલ રહ્યાં છે. કેન્સરનો ભોગ બની પ્રશ્ચાતાપ અનુભવતી કેતકી, કયાંક અસંયમિત જીવનશૈલીના કારણે રોગનો ભોગ બની મૃત્યુના મુખમાં ધકેલાતી માનિનીનું પાત્ર સહાનુભૂતિ જન્માવે છે. કુટુંબથી વિખૂટાં પડેલાં કેતકી, સુજીત, સચિન અને અંજલિ કોઇને કોઇ સ્વરૂપે પસ્તાવો અનુભવે છે. ફરી પરિવાર સાથે જોડાય છે.

ભારતમાં વસતાં યુવક-યુવતીઓ કરતાં આ નવલકથામાં નિરૂપિત યુવા પાત્રો સચિન- કેતકી, અંજલિ, ખલીલ રેહાના વગેરે ભારતીય સંસ્કારોનું વધારે પાલન કરતાં જણાય છે. માતા-પિતાની સારસંભાર લેવી, તેમને પગે લાગવું, મા-બાપને બહાર ફરવા લઈ જવાં, લગ્ન સાદગીથી કરીને પૈસાની બચત કરી તેને સારા કામમાં દાનમાં આપવાની ભાવના, લગ્ન પહેલાં મર્યાદા ભંગ ન કરવી, મૃત્ય પછીની ધાર્મિક ક્રિયાઓ માટે સ્વજનો દ્વારા ભારતમાં પ્રસિધ્ધ સ્થાનોએ આવવું વગેરે. મોટા ભાગના પાત્રો કોઇને કોઇ પ્રવાસ કરતાં નજરે પડે, જેમાં નિત્ય પ્રવાસી લેખિકાની અસર પણ જણાય છે.

ન્યૂયોર્ક શહેર અને હડસન જેવી નદીની પ્રશ્ચાદભૂમાં આકાર લેતી રોમેન્ટિક અને એક્સાઈટિંગ કથામાં આવતાં વર્ણનો આસ્વાદ્ય છે. કથાવસ્તુને પોષક પરિવેશનું વર્ણન જોવા મળે છે. આ ઉપરાંત ન્યૂયોર્કની વિવિધ ઋતુઓ અને તેનાં ફૂલો, હડનનદી પર ખલીલના લગ્નની બોટટ્રીપ, પ્રથમ બરફ વર્ષામાં સચિનનો લગ્ન પ્રસ્તાવ, હડસન નદી અને ન્યૂયોર્ક શહેરની સાંજ-સવાર, ન્યૂયોર્કની રાત્રીચર્યા, એપાર્ટમેન્ટર્સ, ન્યૂયોર્કની ગલીઓ. ખા-પીણીના સ્ટોલ, ક્રિસમસ, સ્પેશિયલ ટ્રી, વિખ્યાત સેન્ટલ પાર્ક વગરેના વર્ણનો નવલકથામાં આવે છે. ખાસ કરીને ભેટ રૂપે આપતાં ફૂલો અને નાયિકા જેકીના ડ્રેસનું મેચિંગ ઋતુઓ પ્રમાણે હોય છે.

ન્યૂયોર્ક શહેરના જીવનની વાસ્તવિકતા, અનુભવો અને સંવેદનાની પણ અહીં સુંદર ગૂંથણી થઈ છે. પાત્રોના સંવાદમાં રજૂ થતી કેટલીક માહિતી ચોકાવનારી છે. જેમકે, : " આ શહેરમાં સિત્તેર હજાર જેટલા હોમલેસ લોકો છે. પુરુષો, સ્ત્રીઓ અને બાળકો પણ ખરાં. ઘણી વાર આખાં કુટુંબો જ આ હાલતમાં હોય. એમાનાં ચારેક હજાર જણ તો રોજ રાતે રસ્તા પર, મકાનોનાં બારણાંની બહાર, ભૂગર્ભ- રેલના પ્લેટફોમ પર પડ્યાં રહેતાં હોય છે." ('આમંત્રિત'પૃ.118) સ્ત્રીઓની સ્થિત પણ કેટલી હદે ખરાબ છે તે આ સંવાદમાંથી જાણવા મળે: "દર વીસ સેકેન્ડે એક સ્ત્રી પર બળાત્કાર થતો હોય છે. કદાચ આ આખા દેશની સરેરાશ છે. દારૂની લતની સમસ્યા પછી, બીજા જ નંબરે આવે છે પત્ની કે ગર્લફ્રેન્ડને મારવાની સમસ્યા." ('આમંત્રિત'પૃ,123) ન્યૂયોર્ક શહેરની સુંદરતાની સાથે તેની કાળી બાજુઓ, કડવી વાસ્તવિકાતાઓ આ કથામાં જોવા મળે છે.

આ નવલકથાનું શીર્ષક 'આમંત્રિત' સૂચક છે. વિખરાયેલા કુટુંબોને જોડવાનું આમંત્રણ તો નવલકથામાં છે જ. પણ પ્રેમીઓનું પરસ્પરના હૃદયમાં અને નિવાસમાં રહેવાનું આમંત્રણ પણ વણાયેલું છે. તાજમહેલ યમુના નદી પરનું ઉત્કટ પ્રેમનું વૈશ્વિક પ્રતીક છે. ન્યૂયોર્ક શહેરમાં વહેતી હડસન નદીનો કિનારો પ્રેમીઓના ઊંડા પ્રેમનું નિજી અને જીવંત સ્થાન છે તેનું આમંત્રણ પણ વાચકોને અહીં ગર્ભિત રીતે મળે છે.

આ નવલકથામાં લેખિકાનું ભાષા પ્રભુત્વ જોઈ શકાય છે, ગુજરાતી ઉપરાંત રાજસ્થાની, બંગાળી, અંગ્રેજી, ફ્રેંચ, સ્પેનિશ શબ્દો જોઈ શકાય છે. ક્યાંક 'જટિયાં' 'હત્તારી' જેવા દેશી શબ્દો પણ જોવા મળે. અલંકાર વૈવિધ્ય પણ જોઈ શકાય છે. લેખિકા પ્રીતિ સેનગુપ્તા દરિયાપાર રહીને ગુજરાતીમાં લખે છે. વિદેશના વિષયવસ્તુને ગુજરાત ભાષામાં નિરૂપતાં સર્જકતા ખીલી ઊઠી છે. આ નવલકથાનું વાંચન દરિયાપારના અમેરિકન- ઈન્ડિયન કુટુંબ અને યુવક- યુવતીઓના પ્રણય જીવનમાં ડોકિયું કરાવે છે.

**સંદર્ભ ગ્રંથ** :


1. 'આમંત્રિત'પ્રીતિ સેનગુપ્તા : , પ્રથમ આવૃત્તિ :2021, પ્રકાશકલિ .શેઠ એન્ડ કંપની પ્રા .આર.આર :, અમદાવાદ
2. 'બે કાંઠાની અધવચ': પ્રીતિ સેનગુપ્તા, પ્રથમ આવૃત્તિ :2017, પ્રકાશકશેઠ એન્ડ કંપની .આર.આર : લિ .પ્રા, અમદાવાદ